NAYARA ENERGY

## PRESS COVERAGE:

**PUBLICATION NAME: SANJ SAMACHAR (GUJARATI DAILY)**
**CITY: JAMNAGAR**
**DATE: 24-07-2018**
**PAGE NO. 05**
**TOTAL SQ. CM. 437**
**TITLE:** ***Mithoi's farmer cultivate worthy crop of dates by support of Nayara Energy Limited***

---

# મીઠોઈના ખેડૂતે ઉતાર્યો મીઠી ખારેકનો મબલખ પાકઃ અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી

**જૈવિક ખેતીની તાલીમ, રોપાઓનું વિતરણ, સ્થળ પર માર્ગદર્શન, ઉત્પાદિત પાકનું વેંચાણ કરવાના સહકારથી ખેડૂતની આવકમાં વધારો**





નયારાએનર્જી લિ.ના સહયોગથીમીઠોઈ ગામના ખેડૂતે જૈવિક ખેતી અંતગર્ત ખારેકનાપાકનું મબલકઉત્પાદન કરી ખેતીનીઆવકમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

જામનગર તા.૨૪: નયારા એનર્જી લિ.એ હાથ ધરેલા ઔદ્યોગિક સામાજિક જવાબદારીના અભિયાન થકી મીઠોઈ ગામના ખેડૂતે જૈવિક ખેતી અંતગર્ત ખારેકનાપાકનું મબલકઉત્પાદન કરી ખેતીનીઆવકમાં નોંધપાત્ર વધારો ક્ર્યો છે. ખેડૂતને તાલીમ, રોપા, માર્ગદર્શન અને ઉત્પાદિતપાકના વેંચાણમાં પણ કંપનીએ સહયોગી બની મીઠોઈની મીઠી ખારેકને પંથકમાં વિખ્યાત કરી દીધી છે.

નયારા એનર્જી લિ.દ્વારા રિફાઈનરી નજીકના ગામોના ખેડૂતોને જૈવિક ખેતી થકી વધુ આવક થાય એ માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, આ અભિયાનની સફળતાનાં ફળ ખેડૂતોને મળી રહયાં છે. જેનો નોંધપાત્ર દાખલોજોઈએ તોરિફાઈનરીની સામે આવેલા મીઠોઈ ગામમાં રહેતાહીરાભાઈ સીદાભાઈ રોશિયાનામના ખેડૂત આંજે મીઠોઈની મીઠી ખારેકના અગ્રિમ વિક્રતા બની ગયા છે.ખારેકની જૈવિક ખેતીમાંથી હીરાભાઈની આવકમાં વધારો થયો છે. હીરાભાઈ રોશિયા તેમનો સુખદ અનુભવ વર્ણવતા કહે છે કે જૈવિક ખેતી અંગે પ્રોત્સાહન પુરું પાડવામાં નયારા એનર્જી લિ.નું વિશેષ યોગદાન છે. અગાઉ કંપનીએ જૈવિક ખેતી અંગે યોજેલી તાલીમ શિબિરમાં મને ભાગ લેવડાવ્યો હતો. બાદમાં મારા નાનકડાં ખેતરમાં બાર હીજાતની વિખ્યાત ખારેકના ૧૪ રોપાંઓ કંપનીએ વિનામૂલ્યે આપ્યા હતા. જેને ખેતરમાં રોપ્યા પછી નિયમિત રીતે રોપાંઓને પાણી મળી રહે એ માટે ટપક સિંચાઈ પધ્ધતિની સુવિધા ઉભી કરવા માટે સરકારી સહાય મેળવવા ઉપયોગી મદદ કરી હતી. સૂર્યપ્રકાશ, પાણી, ખાતર વગેરે અંગે કંપનીના નિષ્ણાંતોએ સ્થળ પરઆવી માર્ગદર્શન પુરું પાડયું હતું. જેને પગલે આ વર્ષે ખારેકનું મબલબ ઉત્પાદન કરી શકાયું છે. ખારેકના વેંચાણમાં સારો ભાવ મળી રહે એ માટે નયારા એનર્જી ટાઉનશીપમાં વ્યવસ્થા પણ ગોઠવી અપાઈ હતી. નયારા એનર્જી લિ.ના સહયોગથી હું ખારેકની સાથે સાથે જૈવિક ખેતી થકીશાકભાજીનું પણ ઉત્પાદન કરી આવક મેળવીરહયો છું.

બારહી ખારેકની વાતકરીએ તો એ તમામ પ્રકારની ખારેકમાં બારહી ખારેક સ્વાદમાં ખુબજ મીઠી-મધુરી હોય છે તેમજ તેમાં ફાઈબર, આયરન, પોટેશ્યમ, વિટામીન-બી જેવા પૌષ્ટિક તત્વો હોય છે. ઉપરાંત બટરસ્કોચ જેવી તેની ફ્લેવર સૌને ભાવે છે આથી તેના વેંચાણમાં પણ સરળતારહે છે.

ખારાશવાળી જમીનધરાવતાખેડૂતો માટે આવકનો સ્ત્રોત મર્યાદિત હોય છે ત્યારે નયારા એનર્જી લિ.એ આવા ખેડૂતોનીઆવકમાં વધારોથાય એમાટે શ્રેણીબધ્ધપગલાંઓભર્યા છે, જેમાં ટપક સિંચાઈ પધ્ધતિ, જૈવિક ખેતીની તાલીમ, સ્થળ પરમાર્ગદર્શન વગેરનો સમાવેશ થાય છે, આ માટે બાયફ સંસ્થાને સાથે રાખી પગલાંઓ ભરવામાં આવી રહયાં છે. મીઠોઈની મીઠી ખારેક વિખ્યાત બન્યા બાદ આજે અન્યગામના ખેડૂતો હીરાભાઈના ખેતરની મુલાકાત લઈ રહયાં છે.